દાખલ તારીખઃ–૧૭/૦૯/૨૦૨૫
રજી. લીધા તારીખઃ–૧૭/૦૯/૨૦૨૫
ફેસલ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬
**ફોજદારી કેસ નં.૮૫૦/૨૦૨૫**
**આંકઃ–**

## (૧) ફોર્મ –એ

| |
|---|
| **સાયલાના મ્હે. શ્રી જે.વી.ચૌહાણ, જયુડિશીયલ મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ–સાયલા**<br>સાયલા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૫૨૫૦૩૩૧/૨૦૨૫<br>બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા<br>એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ |
| ફરીયાદીઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદપક્ષે એપીપીશ્રીઃ– આર.જી.પહોચીયા |
| આરોપીઃ– પ્રવિણભાઇ ઠાકરશીભાઇ શાપરા,<br>રહેવાસીઃ– ટીડાણા, તા–મુળી, જી–સુરેન્દ્રનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રીઃ– એચ.બી.દવે |

## (૨) ફોર્મ – બી.

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૯/૦૬/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ | ૧૭/૦૯/૨૦૨૫ |
| ચાર્જ પ્લી નોંધ્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ(જો હોય તો) | ––– |

**આરોપીની વિગતો**

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે | શુ દોષિત કે નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રવિણભાઇ ઠાકરશીભાઇ શાપરા | ૧૨/૦૭/૨૫ | ૧૨/૦૭/૨૫ | બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી એકટની કલમ–૧૭૭ ૧૮૪,૧૩૪(બી) મુજબ | નિર્દોષ | –– | –– |

**(૩) ફોર્મ– સી**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગતો.**

(એ) ફરીયાદપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૬ | રઘુભાઇ અરજણભાઇ ઉઘરેજા | ફરીયાદી |
| ૨ | ૮ | રાહુલભાઇ રઘુભાઇ ઉઘરેજા | સાહેદ |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ.**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદ |
| ૨ | ૯ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૦, ૧૧ | મેડિકલ સર્ટીફિકેટો |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**–:: જજમેન્ટ ::–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગતઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પોતાનુ મોટરસાઇકલ હીરો સપ્લેન્ડર પ્લસ જેના રજી.નંબર જી.જે.૧૩ બી.એ–૯૦૧૭ વાળુ લઇને

હડાળા ગામના બોર્ડ પાસે રોડ ક્રોસ કરતા હતા તે દરમ્યાન ઢેઢુકી ગામ તરફથી સદર કામના આરોપીએ પોતાના કબ્જા હવાલાવાળી બોલેરો પીકઅપ ગાડી જેના રજી.નંબર.જી.જે.૧૦ ટી.ટી–૧૦૮૧ વાળી બોલેરો પીકઅપ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના મોટરસાઇકલ સાથે ભટકાડી ફરીયાદીને જમણા પગે ઘુંટી થી ઉપરના ભાગે ભાંગી નાખી તથા છાતીના ડાબી સાઇડે પાસળીમાં માઇનોર ફ્રેકચર કરી ગંભીર ઇજાઓ કરી નાશી જઇ ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ ફરીયાદીની ફરીયાદ અંગે ગુનો નોંધી ગુનાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય હાલનુ ચાર્જશીટ કરેલ છે.

**(૨)** આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ અને આંક–૪ થી ગુના સબબ પ્લી નોંધવામા આવેલ છે. જેમા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરેલ છે, જેથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**(૨.૧)** ફરીયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ ન થતા અને ફરિયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનુ જાહેર કરતા, ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવે. ત્યારબાદ ઉપરોકત રજુ પુરાવા પરથી બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ ની જોગવાઇ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાતો ન હોય. આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

**(૩)** આ કામના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>મુદ્દા</u>**

(૧) શુ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પોતાનુ મોટરસાઇકલ હીરો સપ્લેન્ડર પ્લસ જેના રજી.નંબર જી.જે.૧૩ બી.એ–૯૦૧૭ વાળુ લઇને હડાળા ગામના બોર્ડ પાસે રોડ ક્રોસ કરતા હતા તે દરમ્યાન ઢેઢુકી ગામ તરફથી સદર કામના આરોપીએ પોતાના કબ્જા હવાલાવાળી બોલેરો પીકઅપ ગાડી જેના રજી.નંબર.જી.જે.૧૦ ટી.ટી–૧૦૮૧ વાળી બોલેરો પીકઅપ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરીયાદીના મોટરસાઇકલ સાથે ભટકાડી ફરીયાદીને જમણા પગે ઘુંટી થી ઉપરના ભાગે ભાંગી નાખી તથા છાતીના ડાબી સાઇડે પાસળીમાં માઇનોર ફ્રેકચર કરી ગંભીર ઇજાઓ કરી નાશી જઇ, બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪,

૧૩૪(બી) મુજબ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

**(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

(૧) નકારમા

(૨) આખરી હુકમ મુજબ

**–:: <u>કારણો</u> ::–**

**(૫) ફરીયાદપક્ષના મૌખિક પુરાવાનો સારાંશઃ–**

સદરહુ મુદા નં.૧ ની હકીકતલક્ષી તથા કાનુનીલક્ષી ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષ દ્રારા સદરહુ મુદામાલની હકીકત સાથે સુસંગત અને પ્રસ્તુત પુરાવાનો સારાંશ અત્રે ટાંકવો આવશ્યક જણાતો હોય જે નીચે મુજબ ટાંકેલ છે.

**(૫.૧)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદી રઘુભાઇ અરજણભાઇ ઉઘરેજાનાઓને આંક–૬ થી તપાસવામા આવેલ છે, તેઓ સરતપાસમા જણાવે છે કે, બનાવ આશરે તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના રોજ હુ હરણીયા મારૂ બાઇક લઇને વ્યવહારીક કામે ગયેલો. મારા બાઇકનો નંબર જી.જે.૧૩ બી.એ. ૯૦૧૭ વાળુ લઇને ગયો હતો અને હરણીયાથી મારૂ કામ પુરૂ કરી અંદાજે અઢી વાગ્યે ઘરે પરત જવા નિકળેલો. હડાળા બોર્ડ પાસે પહોચતા રોડ ક્રોસ કરવા જતા ઢેઢુકી તરફથી એક પીકઅપ ગાડી આવતા મારા મોટરસાઇકલ સાથે ભટકાતા હુ પડી ગયેલો અને મને જમણા પગે તથા ડાબી પાસળીએ ઇજા થયેલી. જે પીકઅપ ગાડીનો નંબર જી.જે ૧૦– ૧૦૮૧ વાળી હતી. ત્યારબાદ આજુબાજુના માણસો આવી જતા પીકઅપ ગાડીનો ડ્રાઇવર જતો રહેલો અને કોઇએ મારા દિકરાને ફોન કરતા તે મારી પાસે આવી ગયેલ અને ત્યારબાદ ૧૦૮ આવી જતા ચોટીલા સરકારી દવાખાને ગયેલ. આ દરમ્યાન મે મારા દિકરાને બનાવની વાત કરેલી અને ચોટીલા સરકારી દવાખાને પ્રાથમીક સારવાર આપેલી અને વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ રાજકોટ રીફર કરતા મારો દિકરો ત્યા લઇ ગયેલો. જયા મારો જમણો પગ ભાંગી ગયેલ અને છાતીની ડાબી બાજુની પાસળીમાં ફ્રેકચર હોવાનુ જણાવેલુ. જયા મારા પગનુ ઓપરેશન કરેલુ. ત્યારબાદ મારી તબિયત સારી થતા મે સદર બનાવ બાબતે પોલીસ ફરીયાદ આપેલી. જે ફરીયાદમા ફરીયાદી પોતાની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ સદર કામે આંક–૭ થી રજુ છે.

બચાવપક્ષની ઉલટતપાસમા ફરીયાદી એ હકિકતો કબુલ કરે છે કે, હુ અભણ છુ મને લખતા વાંચતા આવડતુ નથી. મારી પાસે મોટરસાઇકલ ચલાવવાનુ ડ્રાઇવીંગ લાઇસન્સ છે. મારી ફરીયાદમા ડ્રાઇવરનુ નામ કે તેનુ વર્ણન જણાવેલ નથી. બનાવ સ્થળ નેશનલ હાઇવે છે

અને ઘણા બધા વાહનોની અવરજવર ચાલુ હોય છે. મે મારી ફરીયાદમાં હાઇવે રોડ ક્રોસ કરવા જતા બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે. હુ રોડ સાઇડ પર ઉભો હતો ત્યારે કયુ વાહન મને પાછળથી ભટકાડેલ તે મને ચોકકસ યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પીકઅપ ગાડી ભટકાડેલી પછી ડ્રાઇવર આવી મને સાઇડમા લઇ લીધેલ આ વિગત મે મારી ફરીયાદમા લખાવેલ નથી. અકસ્માત વળતર મેળવવા કેસ દાખલ કરેલ છે. આ સિવાય અન્ય સવાલોના જવાબ ફરીયાદી ઈન્કારમા આપે છે.

**(૫.૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૮ થી સાહેદ રાહુલભાઇ રઘુભાઇ ઉઘરેજાનાઓને તપાસવામા આવેલ છે. તેઓ સરતપાસમા જણાવે છે કે, બનાવ આશરે તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવના રોજ હુ મારા ઘરે હાજર હતો અને મારા ઉપર કોઇનો ફોન આવેલ અને જણાવેલ કે, હડાળા બોર્ડ પાસે તમારા પિતાજીનો અકસ્માત થયેલ છે તેવી વાત કરતા તુરત જ બનાવવાળી જગ્યાએ ગયેલ. ત્યારબાદ ૧૦૮ આવી જતા ચોટીલા સરકારી દવાખાને ગયેલ. બનાવની વાત મારા પિતાને પુછતા હરણીયા તેઓનુ બાઇક લઇને વ્યવહારીક કામે ગયેલા. તેમના બાઇકનો નંબર જી.જે.૧૩ બી.એ.૯૦૧૭ વાળુ લઇને ગયા હતા અને હરણીયાથી કામ પુરૂ કરી અંદાજે અઢી વાગ્યે ઘરે પરત જવા નિકળેલ અને ત્યાથી તેઓ હડાળા બોર્ડ પાસે પહોચતા રોડ ક્રોસ કરવા જતા ઢેઢુકી તરફથી એક પીકઅપ ગાડી આવતા મારા મોટરસાઇકલ સાથે ભટકાતા મારા પિતા પડી ગયેલા અને તેને જમણા પગે તથા ડાબી પાસળીએ ઈજા થયેલી. જે પીકઅપ ગાડીનો નંબર જી.જે ૧૦– ૧૦૮૧ વાળી હતી એવી વાત મને મારા પિતાજીએ જણાવેલી. ચોટીલા સરકારી દવાખાને પ્રાથમીક સારવાર આપેલી અને વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ રાજકોટ રીફર કરતા હુ મારા પિતાને સારવાર માટે લઇ ગયેલો. જયા તેમનો જમણો પગ ભાંગી ગયેલ અને છાતીની ડાબી બાજુની પાસળીમાં ફ્રેકચર હોવાનુ જણાવેલુ. જયા મારા પિતાના પગનુ ઓપરેશન કરેલુ. ત્યારબાદ મારા પિતાની તબિયત સારી થતા મારા પિતાએ સદર બનાવ બાબતે પોલીસ ફરીયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલો.

બચાવપક્ષની ઉલટતપાસમા સાહેદ એ હકિકતો કબુલ કરે છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. બનાવની વાત મને મારા પિતાએ કરેલી. વાહનનો નંબર મે મારા નિવેદનમા લખાવેલ છે પરંતુ હુ સ્થળ પર ગયો ત્યારે આ વાહન ત્યા પડેલ હતુ તેવુ મારા નિવેદનમાં લખાવેલ નથી. મારા પિતાને દવાખાને લઇ જઇ મે ડોકટર સાહેબને વાત કરી સારવાર અપાવેલી. બનાવ રોડ ક્રોસ કરવા જતા બનેલ હોવાની વિગત મે જાણેલી. રોડ ક્રોસ કરવો હોય તો બંને તરફ જોઇને રોડ ક્રોસ કરવો પડે.

આમ, ઉપરોકત ફરીયાદી તથા સાહેદના પુરાવાથી ફરીયાદીને અકસ્માતથી જમણા પગે ઘુંટીથી ઉપરના ભાગે ભાંગી નાખી તથા છાતીના ડાબી સાઈડે પાસળીમાં માઈનોર ફ્રેકચર કરેલાની હકિકત માની શકાય તેમ છે. પરંતુ સદર અકસ્માત આ કામના આરોપીએ પુરઝડપે અને બેફીકરાઈથી અકસ્માતવાળુ વાહન ચલાવી કરેલ હોય તેવી હકિકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

(i) આ કામના આરોપી સામેનુ તહોમત જોવામા આવે તો બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબ શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત છે. ફરીયાદપક્ષ તરફે રજુ કરેલા પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા બી.એન.એસ.ની કલમ–૨૮૧ વંચાણે લેતા તેમા જોગવાઈ કરેલ છે કે,

(૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવુ અથવા સવારી કરવી.

(૨) બેફામ અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવુ.

(૩) જેના કારણે બહુજન સમુદાયથી જીંદગી ભયમાં મુકાય અથવા વ્યથા થવાની સંભવ હોય તો તેને છ માસ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયાનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

આ કલમ વાહન હંકારવા વિશે તથા સવાર કરવા અંગે છે. પ્રથમ બાબત જાહેર સ્થળ છે. કોઈ ખાનગી સ્થળ હોય ત્યારે આ કલમ લાગુ પડશે નહિ. આ કલમ માટે એ આવશ્યક નથી કે ઈજા થવી જ જોઈએ. માત્ર ભય ઉભો થાય તો પણ કલમ હેઠળ તેવુ કૃત્ય ગુનો ગણાય. બેફામપણે અથવા બેદરકારીપુર્વક એ બંને શબ્દોની વ્યાખ્યા ભારતીય ન્યાય સંહિતાની કલમમાં કરવામા આવી નથી. બેફામપણે અથવા બેદરકારીપુર્વક બંને શબ્દોમાં મળતાપણુ છે. છતા તાત્વીક ભેદ પણ બંને શબ્દોમાં છે. બેદરકારીપુર્વક એટલે કે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનુ તેવી વ્યકિત ચુકી જાય તે કૃત્ય બેદરકારીપુર્વક ગણાય. જયારે બેફામપણે એટલે કે તે જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે વર્તનની અપેક્ષા રાખવામા આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૧૯૯૩ (૨) જી.એલ.આર.૧૬૦૦ માલતીબેન શાહ વિરૂધ્ધ સ્ટેટ** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિંધ્ધાતોને લક્ષમાં રાખી કોઈ પણ વ્યકિતને બી.એન.એસ.ની કલમ–૨૮૧ અનવ્યે સજા પાત્ર ગુના માટે તેનુ કૃત્ય ગફલતભરી રીતે અને બેદરકારીપુર્વક હોવુ જરૂરી છે અને તેવા કૃત્ય માટે નહિ પરંતુ પરીસ્થિતી, સ્થળ, સમય અને સંજોગો લક્ષમાં લેવા જરૂરી બને છે અને તેથી ગીચ વસ્તી કે ભારે વાહનોના અવરજવરવાળા વિસ્તારમાં કે એ રસ્તા ઉપર ૩૦ થી ૪૦ કિ.મી. કે તેથી પણ ઓછુ પ્રતિ કલાકની ઝડપથી વાહન ચલાવવુ બેદરકારીપુર્વક કે ગફલતભરી રીતે કહી શકાય પણ સુમસામ રસ્તા ઉપર કે

ટ્રાફીક વગરના રસ્તા ઉપર જયા ચાર થી છ ટ્રેકવાળો રોડ હોય ત્યા ૭૦ થી ૮૦ કિ.મી. પ્રતિ કલાક કે તેથી વધુ ઝડપથી વાહન હંકારવુ બેદરકારીપુર્વક કે ગફલતભરી રીતે કહી શકાય નહિ.

(ii) સદર કામે બચાવપક્ષની સમંતીથી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ આંક–૯ થી રજુ થયેલ છે. પરંતુ તેના પંચ સાહેદો પંચનામાની હકિકતને સમર્થન કરતા નથી તેમજ તેના કન્ટેઇન પુરવાર કરેલ નથી. જેથી બનાવવાળી જગ્યાનુ પંચનામુ જોતા બનાવવાળી જગ્યાએ અકસ્માતનો બનાવ બનેલાનુ જણાઇ આવે છે તેથી વિશેષ સદર પંચનામાનુ કોઇ પુરાવાકીય મુલ્ય જણાઇ આવતુ નથી.

**(૬)** ફરીયાદપક્ષે આંક–૧૦ તથા આંક–૧૧ થી મેડિકલ સર્ટીફિકેટો રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજોને બચાવપક્ષની સમંતીથી આંક આપવામાં આવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના આરોપીએ બનાવના સ્થળે અને સમયે પોતાના કબ્જાનુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અકસ્માત કરેલ હોવાનુ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો સમર્થન કરતા ન હોય. જેથી સદરહુ દસ્તાવેજો ઉપર આધાર રાખી આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહિ.

**(૭)** આ કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવો વંચાણે લેતા સદર વાહનની ગતી કેટલી હતી તેવી કોઇ હકીકત જણાવતા નથી. જેથી સદર વાહન આરોપીએ પુરઝડપે ચલાવી અકસ્માત કરેલ હોય તેવુ ફલીત થતુ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાનીથી અકસ્માત થયાની હકીકત રેકર્ડ પર જણાઇ આવે છે તેમજ અકસ્માતમાં ફરીયાદીને ઈજા થયેલાની હકિકત માની શકાય તેમ છે. પરંતુ સદર અકસ્માત આ કામના આરોપીએ પુરજડપે વાહન હંકારી કરેલ હોય તેવી કોઇ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. તેથી અકસ્માત કરનાર વ્યકિત આ કામના આરોપી જ છે તેમ માની શકાય નહિ. તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૧ મુજબના કોઇ આવશ્યક તત્વો રેકર્ડ પર આવેલ નથી. તે સંદર્ભે **સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ શેરસીંઘ, ક્રિ.લો.જ.૨૦૦૯ (૧) ક્રાઇમ્સ, પાના નં.૫ (સુપ્રીમ કોર્ટ)** ના ચુકાદામાં નામદાર એપેલેટ કોર્ટે એવો સિંધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, બી.એન.એસ.ની કલમ–૨૮૧ ના ગુનામાં જયારે **ફરીયાદપક્ષના સાહેદ અકસ્માત સર્જનાર ચાલક પુરઝડપે અને બેદરકારીપુર્વક વાહન ચલાવતો હતો તેવી હકીકત પુરવાર ન કરે અને તેના ચાલકને ઓળખી બતાવે નહિ તેવા સંજોગોમાં આરોપીને સજા થઇ શકે નહિ.** સદર કામે આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ સાંયોગીક પુરાવો પણ મળી આવતો નથી. તેવા સંજોગોમાં કથીત અકસ્માત કરનાર વાહનના ચાલક આ કામના આરોપી જ હતા અને તેઓ પુરઝડપે, બેફીકરાઇ અને ગફલતભરી રીતે પોતાનુ વાહન હંકારીને અકસ્માત કરેલ

હોવાની હકીકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ દ્રારા બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુનાની કલમો મુજબના તત્વો પુરવાર કરવામા અથવા તે મુજબનો પુરાવો રજુ કરવામા નિષ્ફળ રહેલ અને ફરીયાદપક્ષ તેનો કેસ વાજબી શંકાથી પર સાબીત કરવામા નિષ્ફળ રહેલ છે. જે તમામ સંજોગો ધ્યાને લઈ મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>– : આખરી હુકમ : –</u>**

(૧) આ કામના આરોપી પ્રવિણભાઇ ઠાકરશીભાઇ શાપરાનાઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧ હેઠળ બી.એન.એસ.ની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટ ની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુન્હામાંથી પુરતા અને નિઃશંક પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઇ અનુસાર આરોપીઓએ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/–ની રકમના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૬, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬
સ્થળઃ– સાયલા.

(જયેશ વાલજીભાઇ ચૌહાણ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સાયલા. જજ કોડ–જીજે૦૦૧૪૩૧